# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# રુથ: એક પ્રેમ કથા

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
અનુકૂલન : Lyn Doerksen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

કદાચ જો તમે મારા વડદાદા અને તેમના પણ પિતાઓને મળો અને તમારા કુટુંબની પહેલા જે લોકો જન્મેલા હોય તેમને મળો, તમને લાગશે કે તેઓ કેવા પ્રકારના વ્યકિતઓ હતા. એવી રીતે બાઈબલમાં ઈસુના પૂર્વજો જેમાં રુથ-એક મોઆવણ અને મૂર્તિપૂજા કરનારી સ્ત્રી હતી.



સામસૂનના સમય પછી ઈસ્રાએલ દેશમાં રુથની વાર્તાની શરુઆત થાય છે. જયારે ઈશ્વરના લોકોએ ઈશ્વર પર વિશ્વાસ મૂકવાનું અને તેની આજ્ઞા પાળવાનું મૂકી દીધું. ત્યારે તે લોકો પર દેશમાં ભારે દુષ્કાળ પડયો. તમને ખબર છે દુષ્કાળ તે શું છે? દુષ્કાળ એક એવી પરિસ્થિતિ છે કે જયારે ફળ કે પાક જોવા ન મળે અને પ્રાણીઓ તથા અમુકવાર ખાવાનું ન મળવાથી માણસ પણ મરી શકે છે.





અબીમેલેખ નામનો એક માણસ હતો ખોરાકની શોધમાં બેથલેહેમ છોડી
તેની પત્ની અને બે બાળકો સાથે નીકળી પડયો. તે મોઆબ શહેરમાં ગયો
કે જયાં લોકો મૂર્તિપૂજા કરતા હતા.



મોઆબમાં
અબીમેલેખ તથા
તેના કુટુંબ માટે સારો સમય રહયો નહી. તે મરી
ગયો, તેના પછી તેના બંને પુત્રો પણ મરી ગયા.




તેની પત્ની
નાઓમી
પાસે
તેમના
બે દીકરાની બે પત્નીઓ જેમના નામ રુથ અને ઓર્પાહ હતા,
તેઓ રહેવા લાગ્યા. બંને છોકરીઓ મોઆબની સ્ત્રી હતી.

નાઓમી, હવે વિધવા બની ચુકી હતી તેને સમાચાર મળ્યા કે યહોવા દેવે તેના લોકોની મુલાકાત લઈ તેને રોટલી પૂરી પાડી છે. તેથી તેણે પોતાના વતનમાં જવાનું નકકી કર્યુ. પણ આ બે છોકરી હવે શું કરે? નાઓમીએ તેમને સલાહ આપી કે તેઓ મોઆબમાં જ રહે અને લગ્ન કરી લે.



ઓર્પાહ પોતાના કુટુંબમાં  પાછી જતી રહી. પણ રુથે તે વાતને નકારી કાઢી. રુથે એક સરસ કવિતા બનાવી કાઢી જેમાં તેણે પોતાની સાસુને કદી ન છોડવા માટે વચન આપ્યું.



જયારે નાઓમી બેથલેહેમમાં આવી ત્યારે તેના ઘણા જૂના મિત્રોને તે વિશે ઘણું જ સારું લાગ્યું. પણ તેણે કહયુ કે મને મારાહ(કડવી) કહો, નાઓમી(મીઠી) ન કહેશો. “કારણ કે સર્વશકિતમાને મારી સાથે કડવાહટથી વ્યવહાર કર્યો છે.” નાઓમી ફકત રુથ સાથે કોઈ પણ બીધા વગર આવી પહોંચી હતી.





મોઆબના લોકોની જેમ જ રુથે પણ મૂર્તિપૂજા કરતી હતી. છતાં પણ હવે તે તેમાંથી ઈસ્રાએલના જીવતા ઈશ્વર તરફ ફરી હતી. રુથે ખૂબ જ મહેનત કરી જેથી નાઓમીને પુરતુ ખાવાનું મળી રહે. દરરોજ તે ખેતરમાં જતી અને લણનારાઓની પાછળ જતી અને જે પાક રહી જતો તેને વીણી લાવતી હતી.







બોઆઝ જે એક ખેતરનો માલિક હતો. તેણે સાંભળ્યું હતું કે રુથ કેવી રીતે નાઓમીની સંભાળ રાખી હતી. જયારે તે તેણીને મળ્યો ત્યારે તેણે લણનારાઓને કહયુ કે તમે જયારે લણળી કરો ત્યારે અમુક પાક (સળો) જાણી જોઈને આ સ્ત્રી માટે છોડી દેજો. બોઆઝને રુથ ગમવા લાગી.



જયારે રુથે બોઆઝ વિશે
નાઓમીને જણાવ્યુ કે તે કેવા
તેમના પ્રત્યે પ્રેમાળ છે, ત્યારે
“આ રુથ સ્ત્રીએ ઈશ્વરની સ્તુતિ
કરી અને જણાવ્યુ કે એ આપણા
સગાઓમાંનો એક અને
આપણા નજીકના
સબંધીઓમાંનો
વ્યકિત છે.”



સમય પસાર થયો પછી બોઆઝે રુથ સાથે લગ્ન કરી નાઓમી અને તેના કુટુંબની જમીન સંભાળી લેવાનું નકકી કર્યુ. પણ તેણીના નજીકના સબંધીને પહેલી તક હતી. આ વ્યકિતને જમીન જોઈતી હતી પણ રુથને પોતાની પત્ની તરીકે જોઈતી ન હતી. પણ ત્યાંના કાયદા પ્રમાણે એક વગર બીજી બાબત મળી શકે તે ન હતું



તે દિવસોના લોકો જ્યારે વાતને નકકી કરતા ત્યારે હાથ મિલાવી વ્યવહાર અને સબંધો આગળ ન કરતા. બોઆઝે જાહેર લોકોના જોતા પોતાના જૂતા ઉતારીને પેલા માણસને આપ્યા. હવે વાત પાકી થઈ ગઈ હતી. રુથ તેની પત્ની બનવાની હતી.
હવે તે અને નાઓમી બોઆઝના કુટુંબના ભાગરુપ બનવાના હતા.





બોઆઝ અને રુથે તેમના
પ્રથમ પુત્રનું નામ ઓબેદ
આપ્યું. તે દાઉદ જે
ઈસ્રાએલનો મહાન રાજા
થઈ ગયો તેના દાદા હતા.

પણ બીજી એક અદ્ભૂત બાબત તો એ હતી કે આ બાળક ઓબેદ ઈસુ ખ્રિસ્તનો પૂર્વજ પિતા હતો. ઈસુ દાઉદના કુટુંબ દ્વારા જન્મ લઈને તે રાજાઓનો રાજા અને દુનિયાનો ઉદ્ધાર કરનાર બન્યો.



# રુથ: એક પ્રેમ કથા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

રુથ

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬